# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૬/૧૦/૨૦૨૧

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ગુજરાતના મુખ્ય રાજ્ય કર વેરા અધિકારી જે.પી. ગુપ્તા સમક્ષ ટેકસટાઇલ ક્ષેત્રે હાલના કર માળખામાં ફેરફાર નહીં કરવા રજૂઆત

## ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતી અને ફિઆસ્વીના ચેરમેન ભરત ગાંધી દ્વારા જે.પી. ગુપ્તા સાથે બે કલાક જેટલી મેરાથોન મિટીંગ કરાઇ, મિટીંગમાં વિસ્તૃત આંકડાકીય માહિતી આપી કર માળખામાં બદલાવ કરવાથી સરકારની આવકમાં કોઇ મોટો ફરક પડવાનો નથી પણ ઉદ્યોગોને ઘણું નુકસાન થઇ શકે છે તે બાબત સમજાવવામાં આવી

**સુરત.** ૪૫મી જીએસટી કાઉન્સીલની મિટીંગમાં નકકી કરવામાં આવ્યા મુજબ તા. ૧લી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજથી ટેકસટાઇલ ક્ષેત્રે હાલમાં જે ઇન્વર્ટેડ ડયૂટી સ્ટ્રકચર છે તેને કાઢી એક સમાન ટેકસ દર કરવાનું નકકી કરવામાં આવ્યું છે. આ સંદર્ભે એમએમએફ ટેકસટાઇલ ક્ષેત્રે ઘણી તકલીફો ઉભી થઇ શકે છે તે માટે રજૂઆત કરવા શનિવાર, તા. ૧૬ ઓકટોબર, ૨૦૨૧ના રોજ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ આશિષ ગુજરાતી તથા ફિઆસ્વીના ચેરમેન ભરત ગાંધી દ્વારા ગુજરાતના મુખ્ય રાજ્ય કર વેરા અધિકારી જે.પી. ગુપ્તાને રૂબરૂ મળી આ સંદર્ભે રજૂઆત કરવામાં આવી હતી.

રજૂઆતમાં જણાવ્યા મુજબ, સરકારની ઉપરોકત હિલચાલને કારણે એમએમએફ ટેકસટાઇલ ક્ષેત્રે ઘણી મોટી મુશ્કેલી ઉભી થઇ શકે છે. માંડ માંડ હજુ કોરોના પછી ધંધો – વ્યવસાય સામાન્ય થવા લાગ્યો છે તથા આખી ઇન્ડસ્ટ્રીએ હાલનું કર માળખું સ્વીકાર કરેલું હોઇ અને સાથે સાથે એના કારણે કોમ્પ્લાયન્સમાં પણ વધારો થયો હોઇ તથા જીએસટી લાગુ થયા બાદ છેલ્લાં ચાર વર્ષમાં એકમાત્ર સુરતમાં રૂપિયા ૩૭૫૦ કરોડ જેટલી માતબર રકમનું રોકાણ ફકત વિવિંગ સેકટરમાં આવેલું હોય તથા રૂપિયા ૧૮૯૦૦ કરોડ જેટલું વધારાનું ઉત્પાદનનો

ઉમેરો થયો હોય એ દર્શાવે છે કે ઉદ્યોગકારો દ્વારા હાલનું ટેક્સ સ્ટ્રકચરને અપનાવી લેવામાં આવેલ છે. આ ટેકસ દરમાં આખી ટેકસટાઇલ વેલ્યુ ચેઇનમાં જો એકસમાન ૫ ટકાનો પણ ટેકસ દર કરવામાં આવશે તો પણ જે સરકારની ઇચ્છા જે ઇન્વર્ટેડ ડયૂટી સ્ટ્રકચર દૂર કરવાની છે તે થતી નથી. કારણ કે, એમએમએફ ટેકસટાઇલ ક્ષેત્રનું બેઝીક રો મટિરિયલ પેટ્રોલિયમ પ્રોડકટ છે અને જે એમએમએફ સિવાય પણ ઘણી ઇન્ડસ્ટ્રીનું રો મટિરિયલ હોઇ તેના ટેકસ દરમાં કોઇ બદલાવ આવવાનો નથી. એટલે ઇન્વર્ટેડ ડયૂટી સ્ટ્રકચર જે હાલમાં વિવિંગ ક્ષેત્રે લાગુ પડે છે તે નીકળીને સ્પીનિંગ ક્ષેત્રે લાગુ પડશે.

ઉપરોકત મુદ્દો સમજાવવા માટે ચેમ્બર દ્વારા બે કેસ સ્ટડી બનાવવામાં આવી હતી. જેમાં એમઇજી/પીટીએ જે ટેકસટાઇલ વેલ્યુ ચેઇનમાં પ્રથમ ઇનપુટ હોય તેના પરચેઝ કોસ્ટને ૧૦૦નું ઇન્ડેકસ આપવામાં આવ્યું હતું અને પ્રોસેસ દીઠ તથા વેલ્યુ એડીશનને ઇન્ડેકસ બેઝ સમજાવી જણાવ્યું હતું કે, રૂપિયા ૧૦૦નું એમઇજી/પીટીએ જો પ્રથમ ઇનપુટ આવતું હોય તો ફાયનલ આઉટપુટ એટલે ફિનીશ્ડ ફેબ્રિકની બજાર કિંમત ૧૪ ગણી થતી હોય છે. એટલે કે ૧૦૦નું ઇન્ડેકસ ૧૪૦૦ના ઇન્ડેકસ સુધી પહોંચી જતું હોય છે. એ સંજોગોમાં સરકારને મહત્તમ ટેકસની આવક એ વિવિંગ અને ગારમેન્ટ ક્ષેત્ર થકી મળે છે. હાલમાં એમએમએફ ટેકસટાઇલ વેલ્યુ ચેઇનમાં ૧૮, ૧૨, ૧૨, ૫ અને ૫ ટકા એમ છે. એટલે કે એમઇજી/પીટીએ ઉપર ૧૮ ટકા, ચીપ્સ ઉપર ૧૨ ટકા, પીઓવાય ઉપર ૧૨ ટકા, ગ્રે ફેબ્રિક ઉપર ૫ ટકા તથા ફિનીશ્ડ ફેબ્રિક અને ગારમેન્ટ ઉપર ૫ ટકા છે ત્યારે ૧૦૦ રૂપિયાના ઇનપુટ ઉપર સરકારને સંભવિત ૬૭.૮૯ રૂપિયાની આવક થાય છે. અને રૂપિયા ૧૦૦માં આવેલું પ્રથમ ઇનપુટ જ્યારે ગ્રાહક સુધી જાય છે ત્યારે ઇનડેકસ પ્રમાણે ૧૪૬૮ સુધીનો ઇનડેકસ પહોંચે છે. પણ જો આ જ ટેકસટાઇલ વેલ્યુ ચેઇનમાં ટેકસ સ્ટ્રકચરને ૫ ટકા સમાન દર કરવામાં આવશે તો આ ઇનડેકસ ૧૫૦૭ સુધી જાય છે. જેનો મતલબ એ થશે કે ગ્રાહક સુધી પહોંચતું કપડું અઢીથી ત્રણ ટકા જેટલું મોંઘુ થશે અને એની સામે સરકારની આવકમાં કોઇ મોટો ફરક પડશે નહીં.

આથી ઉપરોકત મુદ્દાઓને ધ્યાનમાં લઇને સમગ્ર ટેકસટાઇલ વેલ્યુ ચેઇનમાં કોઇપણ પ્રકારનો ફેરફાર નહી કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી. આ સમગ્ર મુદ્દાને સમજવા માટે રાજ્યના મુખ્ય કર વેરા અધિકારી જે.પી. ગુપ્તા દ્વારા બે કલાક જેટલી મેરાથોન મિટીંગ કરવામાં આવી હતી. જે દરમ્યાન તેમણે આખી એમએમએફ ટેકસટાઇલ વેલ્યુ ચેઇનના સમગ્ર કોસ્ટ સ્ટ્રકચર અને વેલ્યુ એડીશનને સમજવાનો પ્રયાસ કર્યો હતો તથા ટેકસટાઇલના દરેક સેકટરમાં થતો પાવર કોસ્ટ, લેબર કોસ્ટ, કન્વર્ઝન કોસ્ટ અને પ્રોડકશન કોસ્ટની વિગતો મેળવી ટેકસ થકી સરકારને થતી સંભવિત આવકની ગણતરી કરી હતી.

મિટીંગના અંતે જે.પી. ગુપ્તા દ્વારા ચેમ્બર તથા ફિઆસ્વી દ્વારા આપવામાં આવેલી વિસ્તૃત આંકડાકીય માહિતીને ગ્રાહય ગણી હતી અને વિવિંગ ક્ષેત્ર સુધી થતા વેલ્યુ એડીશનને ગ્રાહય રાખી ચેમ્બર તથા ફિઆસ્વીની રજૂઆતને સહકાર આપવા સહમતિ દર્શાવી હતી.

અત્રે નોંધનીય છે કે, જે.પી. ગુપ્તા જીએસટી કાઉન્સીલની ફિટમેન્ટ કમિટીના પણ સભ્ય હોઇ તેમનો અભિપ્રાય ભારતમાં કોઇપણ માલ–સામાન ઉપર લાગુ કરવામાં આવતા ટેકસ સ્ટ્રકચર માટે ઘણો મહત્વનો બની રહે છે.